

# વિપક્ષના નેતા બનવા માટે જરૂરી 54 બેઠક કોંગ્રેસ મેળવી શકશે?

## ૨૦૧૯માં કોંગ્રેસે બાવન બેઠકો જીતી હતી અને 19.7 ટકા વોટ શેર મેળવ્યો હતો




૨૦૨૪ની લોકસભાની ચૂંટણી શરૂ થઇ ચૂકી છે અને પક્ષોએ તેમના નિર્ધારિત લક્ષ્યોની જાહેરાત કરવાની શરૂઆત કરી દીધી છે. જ્યારે ભારતીય જનતા પાર્ટીએ તેના મિશન ૩૭૦ની જાહેરાત કરી છે, ત્યારે કોંગ્રેસ પાર્ટી તેમ કરવાથી દૂર રહી છે. કોંગ્રેસ વિપક્ષના નેતા બનવા માટે જરૂરી ૫૪ ન્યૂનતમ બેઠકો મેળવશે કે સતત ત્રીજી વખત ફરીથી નિષ્ફળ જશે તે અંગે તીવ્ર ચર્ચા છે. કોંગ્રેસ પાર્ટી ૨૦૧૯માં ૨૬૧ બેઠકો માટે સ્પર્ધામાં હતી. તેણે ૨૦૧૯માં કોંગ્રેસે બાવન બેઠકો જીતી હતી અને ૧૯.૭ ટકા વોટ શેર મેળવ્યો હતો. એવી ૧૯ બેઠકો છે જ્યાં કોંગ્રેસને ૫૦ ટકાથી વધુ વોટ શેર અને ૭૬ બેઠકો છે જ્યાં તેને ૪૦થી ૫૦ ટકાની વચ્ચે વોટ શેર મળ્યા છે. ૧૧૩ સીટો પર તેને ૩૦-૪૦ ટકા વોટ મળ્યા છે. એવી ૧૨૬ બેઠકો છે જ્યાં તેનો વોટ શેર ૦-૧૦ ટકાની રેન્જમાં નજીવો હતો.

કોંગ્રેસ ૯૮ સીટો (તમિલનાડુ, ઝારખંડ, કેરળ અને નોર્થ ઈસ્ટ) પર ૨૦૧૯ની જેમ સમાન ગઠબંધન ધરાવે છે. જેલમાં બંધ સાથી હેમંત સોરેનની તરફેણમાં સહાનુભૂતિની લહેર પેદા ન થાય ત્યાં સુધી પક્ષ માટે અહીં ઊલટું સીમિત છે. તે ૨૮ બેઠકો (કર્ણાટક) પર નબળું જોડાણ ધરાવે છે, અને ૧૮૦ બેઠકો (યુપી, ગુજરાત, હરિયાણા, દિલ્હી, ગોવા, J|K, મહારાષ્ટ્ર વગેરે) પર મજબૂત ગઠબંધન ધરાવે છે. કોંગ્રેસ મહારાષ્ટ્રમાં લાભ મેળવવાની આશા રાખે છે,

### 71 બેઠક પર કોંગ્રેસને પ્રાદેશિક પક્ષો ટક્કર આપી રહ્યાં છે

૭૧ બેઠકો કોંગ્રેસ વિરુદ્ધ પ્રાદેશિક પક્ષો સીધી હરીફાઈમાં છે, ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ ૩૭ અને પ્રાદેશિક પક્ષોએ ૩૪ જીતી હતી. આ કેરળ, પંજાબ, તેલંગાણા, બિહાર, મહારાષ્ટ્ર, તમિલનાડુ વગેરેમાં હતી. કોંગ્રેસ અને પ્રાદેશિક પક્ષોને દરેક બેઠક પર સરેરાશ ૪૧ ટકા વોટ શેર મળ્યો. કોંગ્રેસ માટે વિડંબના એ છે કે તે પંજાબ અને કેરળમાં આમાંથી ૨૫ સીટો પર કહેવાતા મિત્રો સાથે સ્પર્ધા કરી રહી છે. કોંગ્રેસે છેલ્લા વર્ષમાં બે દક્ષિણ રાજ્યો - કર્ણાટક અને તેલંગાણામાં સરકારો બનાવી છે અને અહીં તેની સંખ્યા વધારવાની આશા છે. તેલંગાણામાં, કેસીઆરની પુત્રી કવિતા સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કાર્યવાહી તેને ભાજપ સાથે દ્વિધ્રુવી હરીફાઈ બનાવી શકે છે, જેમાં ભારત રાષ્ટ્ર સમિતિ ત્રીજા સ્થાને ધકેલાઈ ગઈ છે. કોંગ્રેસ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને લઘુમતી મતોને તેની તરફેણમાં વધુ એકીકૃત કરવાની આશા રાખે છે. તે એવા કેટલાક રાજ્યોમાંથી એક છે જ્યાં રાહુલ ગાંધી અને નરેન્દ્ર મોદી વચ્ચેનું અંતર બહુ વધારે નથી. કર્ણાટકમાં કોંગ્રેસે અનેક ગેરંટી લાગુ કરી છે. જો કે, આના કારણે પુરૂષ મતદારોમાં થોડો અસંતોષ ફેલાયો છે, જેઓ રોકડ મદદનાં પ્રાપ્તકર્તા નથી. મહિલાઓ માટે મફત બસ પરિવહનને કારણે પણ વસ્તીમાં તેના ટીકાકારો છે. ગેરંટીઓએ સરકારની નાણાકીય ખાધમાં પણ વધારો કર્યો છે અને તેની રાજકોષીય ખાધમાં વધારો કર્યો છે.

### 190 બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા

૧૯૦ બેઠકો કોંગ્રેસ વિરુદ્ધ ભાજપની સીધી હરીફાઈની બેઠકો છે, ભાજપે ૧૭૫ અને કોંગ્રેસે ૧૫ બેઠકો જીતી હતી. આ છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, હરિયાણા, આસામ વગેરેમાં હતી. આ વધીને ૨૦૦-૨૧૦ જેટલી થઈ શકે છે કારણ કે ભાજપ દ્વિધ્રુવી બનતા પંજાબ અને તેલંગાણામાં વધુ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. આ બેઠકો પર સરેરાશ ભાજપને ૫૬ ટકા અને કોંગ્રેસને ૩૫ ટકા વોટ શેર મળ્યા છે. કોંગ્રેસ માટે કમનસીબે, તેના સાથી પક્ષોની આમાંની લગભગ ૮૦ ટકા બેઠકો પર કોઈ હાજરી નથી. ભાજપે જીતેલી ૧૭૫ બેઠકોમાંથી ૧૫૩ બેઠકોમાં ભગવા પક્ષે ૫૦ ટકા (લગભગ ૯૦ ટકા બેઠકો) કરતાં વધુ વોટ શેર નોંધાવ્યો હતો. કોંગ્રેસની મોટાભાગની શક્તિઓ અને સંસાધનો આ ૧૯૦ બેઠકો પર કેન્દ્રિત હોવી જોઈએ. જો ભાજપને ૨૦૧૯ની જેમ મોટી લીડ મળે છે તો કોંગ્રેસ માટે ૧૦૦ સીટો મેળવવી મુશ્કેલ બની જશે. તે બાબત માટે ૨૦૧૯નું પુનરાવર્તન પણ મુશ્કેલ હોઈ શકે છે.

# પૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદ, બંગાળ ભાજપ પ્રમુખ દિલીપ ઘોષ અને શિક્ષણવિદ સુકૃતિ ઘોષાલ વચ્ચે ત્રિકોણીય જંગ



દિલીપ ઘોષ | કીર્તિ આઝાદ | સુકૃતિ ઘોષાલ



બિગ ફાઈટ
બર્ધમાન દુર્ગાપુર- પશ્ચિમ બંગાળ
દેશની અગત્યની - ચર્ચાતી બેઠકનો પરિચય

બર્ધવાન - દુર્ગાપુર કોલકાતા અને આસનસોલ પછી રાજ્યનું ત્રીજું સૌથી મોટું શહેર છે. એવો દાવો કરવામાં આવે છે કે ચંદીગઢ પછી દુર્ગાપુર બીજું શહેર છે જે વ્યવસ્થિત રીતે સ્થાયી થયું છે. આ શહેરની ગણના દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં થાય છે. આ શહેર પર્યટનની દષ્ટિએ પણ ખૂબ જ ખાસ છે. દુર્ગાપુર તેના સ્ટીલ ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ ખાસ કરીને નીટ માટે જાણીતું છે. રાજનીતિની વાત કરીએ તો બર્ધમાન દુર્ગાપુર લોકસભા સીટ 2008માં સીમાંકન બાદ અસ્તિત્વમાં આવી હતી. આ લોકસભા મતવિસ્તાર બર્ધમાન અને દુર્ગાપુર બંને શહેરો અને આ બે જિલ્લાના ગામડાઓને જોડીને બનાવવામાં આવ્યો છે. અહીંની બેઠક પર પશ્ચિમ બંગાળમાં ભાજપનું કમળ ખીલવનાર આક્રમક નેતા પ્રદેશ ભાજપના પ્રમુખ દિલીપ ઘોષને ટક્કર આપવા તૃણમૂલ કોંગ્રેસ ચીફ મમતા બેનર્જીએ કીર્તિ આઝાદને મેદાનમાં ઉતાર્યા છે. તો સીપીઆઈ (એમ) એ જાણીતા શિક્ષણવિદ સુકૃતિ ઘોષાલને ટિકીટ ફાળવી ચૂંટણી જંગ ત્રિકોણીય બનાવ્યો છે.

### ત્રણેય ઉમેદવારો બદલાયા

આ વખતે ત્રણેય મુખ્ય પક્ષોએ પોતાના ઉમેદવારો બદલ્યા છે. ભાજપ તરફથી દિલીપ ઘોષ મેદાનમાં છે અને ટીએમસી તરફથી કીર્તિ આઝાદ છે. સુકૃતિ ઘોષાલ CPI(M) તરફથી ચૂંટણી લડી રહ્યા છે. જોકે કોંગ્રેસે કીર્તિ આઝાદના માનમાં ઉમેદવાર ઊભો કર્યો નથી. "આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર દિલીપ ઘોષ આક્રમક રીતે પ્રચાર કરી રહ્યા છે. તે હિન્દુત્વને મુદ્દો બનાવી રહ્યો છે. કોઈપણ રીતે, તેમની છબી ફાયર બ્રાન્ડ લીડરની રહી છે. તેઓ તૃણમૂલ નેતા મમતા બેનરજીના કટ્ટર વિરોધી અને ટીકાકાર રહ્યા છે.

### બર્ધમાન દુર્ગાપુરનું રાજકીય સમીકરણ

બર્ધમાન દુર્ગાપુરમાં સાક્ષરતા દર 79.29% ની નજીક હોવાથી CPIM એ શિક્ષણવિદ સુકૃતિ ઘોષાલને ટિકિટ આપી છે. આ લોકસભામાં 7 વિધાનસભા સીટો છે. તેમાં બર્ધવાન ઉત્તર, બર્ધમાન દક્ષિણ, ભટાર, મોન્ટેશ્વર, ગલસી, દુર્ગાપુર પૂર્વા અને દુર્ગાપુર પશ્ચિમનો સમાવેશ થાય છે,જેમાં એક બેઠક ભાજપ જીત્યો છે.બાકીની બધી જ બેઠકો TMC એ જીતી છે. આ સીટ પર 20.73 ટકા મુસ્લિમ, અનુસૂચિત જાતિના 27.41 ટકા અને અનુસૂચિત જનજાતિના 6.3 મતદારો છે.આ લોકસભા સીટ પર હિન્દીભાષી મતદારોની પણ મોટી સંખ્યા છે. કુલ 17,33,578 મતદારો છે.

### ભાજપનું મમતા પર નિશાન, બંગાળી અસ્મિતાની વાત કરનારને બંગાળી ઉમેદવાર મળતો નથી

આગામી લોકસભા ચૂંટણી માટે તૃણમૂલ કોંગ્રેસનું અભિયાન "બહિરગતા અને બાંગ્લા બિરોધી (બહારના લોકો અને બંગાળના વિરોધીઓ)" ના નારા પર બનાવવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓથી તૃણમૂલ કોંગ્રેસ નેતૃત્વએ ભારતીય જનતા પાર્ટી (BJP) પર "બહારના લોકો" દ્વારા રાજ્યને ભંડોળ રોકવા પર નિશાન સાધ્યું છે. બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે તૃણમૂલ કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલ સ્લોગન હતું "બંગાળના લોકો બંગાળનો વિરોધ કરનારાઓને બહાર ફેંકી દેશે". તૃણમૂલ કોંગ્રેસની ઝુંબેશ 2021ની વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની વ્યૂહરચના જેવી જ છે જ્યાં પાર્ટીએ પ્રચાર પર ચૂંટણી લડી હતી - 'બંગાળને પોતાની દીકરી જોઈએ છે'.ભાજપે મમતા બેનર્જી પર નિશાન તાકતાં કહ્યું હતું કે, બંગાળી અસ્મિતાની વાત કરનાર પક્ષને બંગાળી ઉમેદવાર મળતો નથી,તેઓ કીર્તિ આઝાદ બહારના છે,એવો પ્રચાર કરી રહ્યા છે.પણ આ બેઠક પર યુપી,બિહાર,ઝારખંડના કામદાર મતદારો મોટી સંખ્યામાં હોવાથી મમતા એ કીર્તિ આઝાદને ટિકિટ આપી છે.

## સુરત સાથે સીધો સંબંધ ધરાવતી અમરેલી બેઠક સૌરાષ્ટ્રનું રાજકીય એપી સેન્ટર છે

# અમરેલીમાં બે લેઉવા પાટીદાર ઉમેદવારો વચ્ચે સીધો જંગ



V/S
જેનીબેન ઠુમ્મર | ભરતભાઇ સુતરિયા




ગુજરાતની લોકસભા બેઠકનું વિશ્લેષણ

સત્તાના સિંહાસન માટે સિંહોના વિસ્તાર એટલે કે અમરેલી બેઠક માટે ચૂંટણીમાં ખરાખરીનો જંગ જામ્યો છે. તેમાંયે ભાજપ અને કોંગ્રેસના બંનેના ઉમેદવારો લેઉવા પાટીદાર સમાજના છે. એક તરફ પૂર્વ જિલ્લા પંચાયતના પ્રમુખ કોંગ્રેસના ઉમેદવાર છે તો બીજી તરફ જિલ્લા પંચાયતના વર્તમાન પ્રમુખ ભાજપના ઉમેદવાર છે. ગીરકાંઠાના અમરેલી જિલ્લામાં કોંગ્રેસ અને ભાજપે લેઉવા પાટીદાર ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે. કુલ 17.32 લાખ મતદારો ધરાવતી અમરેલી બેઠક એ સૌરાષ્ટ્રનું રાજકીય એપી સેન્ટર માનવામાં આવે છે. અમરેલીના લોકો સુરતમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. આ ઉપરાંત અમરેલીમાં ખેતી સૌથી મોટો વ્યવસાય છે. ખેતી સાથે સંકળાયેલો તેલની મીલોનો ઉદ્યોગ પણ આ વિસ્તારમાં ધમધમે છે. પાટીદાર અનામત આંદોલન સમયે અમરેલી સૌથી વધુ સક્રિય રહ્યું હતું. એવું પણ માનવામાં આવે છે કે સુરત અને અમરેલીની રાજનીતિ લગભગ સરખી છે. અમરેલીના નિર્ણયની અસર સુરત પર પડે છે. જ્યારે સુરતના નિર્ણયની અમરેલી પર અસર પડે છે.

### અમરેલી લોકસભા બેઠક હેઠળ આવતી વિધાનસભા બેઠકોનો ઈતિહાસ




હાલ આ બેઠક પરની વિધાનસભા બેઠકની જો વાત કરવામાં આવે તો અમરેલી લોકસભા બેઠકમાં વિધાનસભાની સાત બેઠકનો સમાવેશ થાય છે. આ વિધાનસભા બેઠકમાં ધારી, અમરેલી, સાવરકુંડલા, રાજુલા, લાઠી, મહુવા અને ગારિયાધાર બેઠકનો સમાવેશ થાય છે. આમ તો અમરેલી જિલ્લાની વિધાનસભા બેઠક પર કોંગ્રેસનું સારુ પ્રભુત્વ હતુ. પરંતુ 2022ની વિધાનસભા ચૂંટણીમાં પરીણામે કોંગ્રેસને મોટો ઝટકો આપ્યો હતો. અમરેલી લોકસભા બેઠકમાં આવેલી વિધાનસભા બેઠકો મોટા ભાગે ભાજપના હસ્તક છે. આ 7 વિધાનસભા બેઠકની જો વાત કરવામાં આવે તો ભાજપ પાસે કુલ 6 વિધાનસભા છે જ્યારે કોંગ્રેસ પાસે એક પણ બેઠક નથી અને આમ આદમી પાર્ટી પાસે ગારીયાધાર બેઠક છે. ચૂંટણી કોઈ પણ હોય અમરેલી સૌરાષ્ટ્રના રાજકારણમાં એપીસેન્ટર બની રહ્યું છે. લેઉવા પાટીદાર સમાજનો અમરેલી ગઢ છે. આ વચ્ચે ભારતીય જનતા પાર્ટી હાઇ કમાન્ડમાંથી અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરત સુતરીયાને મેદાને ઉતાર્યા છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષમાં જેની ઠુંમરનું નામ ચર્ચામાં છે. જેની ઠુંમર પૂર્વ સંસદ અને પૂર્વ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરની પુત્રી છે અને લેઉવા પાટીદાર કોંગ્રેસનો યુવા ચહેરો છે.ગુજરાતની લોકસભાની 26 બેઠકો પૈકી બેઠકો પૈકી રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા અને કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી બંને અમરેલીના છે. અમરેલી લોકસભા બેઠક પર વર્ષ 1957થી 2019 સુધીમાં 16 ચૂંટણી યોજાઈ છે, જેમાં 8 વાર કોંગ્રેસ, 7 વાર ભાજપ અને 1 વાર જનતાદળના ઉમેદવારની જીત થઈ છે. છેલ્લી ત્રણ ટર્મથી અહીં ભાજપના નારણ કાછડિયા વિજેતા બનતા આવ્યા છે, જો કે ભાજપે આ વખતે તેમનું પત્તુ કાપીને ભરત સુતરિયાને ટિકિટ આપી છે. બીજી તરફ કોંગ્રેસે પ્રદેશ મહિલા કોંગ્રેસના અધ્યક્ષ જેની ઠુંમરને મેદાને ઉતાર્યા છે.

### જ્ઞાતિના મતદારોનું સમીકરણ

17,32,810 મતદારો ધરાવતી અમરેલી લોકસભા બેઠકમાં અમરેલી અને ભાવનગર (મહુવા અને ગારિયાધાર ) જિલ્લાનો સમાવેશ થાય છે. અમરેલી સંસદ બેઠક પર પાટીદારોનું પ્રભુત્વ છે. પાટીદારોના 4 લાખ કરતાં વધુ મત છે. જ્યારે કોળી સમાજના 3 લાખથી વધુ મત છે. અમરેલી સંસદ બેઠક પર ગ્રામીણ મતદારો આશરે 1,214,473 છે જે 2011ની વસ્તી ગણતરી મુજબ આશરે 74.6% છે. જ્યારે શહેરી મતદારો આશરે 413,507 છે જે 2011ની વસ્તી ગણતરી મુજબ લગભગ 25.4% છે. 2019ની સંસદની ચૂંટણીમાં અમરેલી સંસદીય બેઠક 55.7% મતદાન થયું હતું. અમરેલી બેઠક પર પાટીદાર , કોળી અને ક્ષત્રિય મતદારો નિર્ણાયક છે.અમરેલી , રાજુલા તથા સાવરકુંડલા સહિતના વિસ્તારોમાં 8થી10 ટકા લઘુમતિ સમાજના મતદારો પણ છે.

### અમરેલી લોકસભા બેઠકના મતદારો

| બેઠક | પુરૂષ | મહિલા | કુલ |
|---|---|---|---|
| ધારી | 1,16,090 | 1,06,940 | 2,23,037 |
| અમરેલી | 1,45,804 | 1,37,920 | 2,83,728 |
| લાઠી | 1,16,153 | 1,07,510 | 2,23,663 |
| સાવરકુંડલા | 1,31,915 | 1,22,346 | 2,54,268 |
| રાજુલા | 1,41,523 | 1,33,262 | 2,74,785 |
| મહુવા | 1,24,361 | 1,18,937 | 2,43,301 |
| ગારિયાધાર | 1,17,473 | 1,11,390 | 2,28,863 |

### અમરેલી લોકસભા બેઠક હેઠળ આવતી વિધાનસભા બેઠકોનું 2022નું પરિણામ

| બેઠક | વિજેતા | મતોની સરસાઈ |
|---|---|---|
| ધારી | ભાજપ | 8,717 |
| અમરેલી | ભાજપ | 46,657 |
| લાઠી | ભાજપ | 29,274 |
| સાવરકુંડલા | ભાજપ | 3,492 |
| રાજુલા | ભાજપ | 10,463 |
| મહુવા | ભાજપ | 30,472 |
| ગારિયાધાર | આપ | 4,819 |

# તેજસ્વી સૂર્યા: ભાજપનો ઉભરતો તેજસ્વી યુવા નેતા




ભાજપના યુવા નેતા અને બેંગલુરુ દક્ષિણથી ભાજપના લોકસભાના ઉમેદવાર તેજસ્વી સુર્યા સામે કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીએ કેસ દાખલ કર્યો છે. ચૂંટણી અધિકારીએ ટ્વીટ કરીને કહ્યું કે, સુર્યા સામે હાલમાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો પોસ્ટ કરી ધર્મના નામે મત માગવાના આરોપમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. ભાજપમાં ભાવિ નેતૃત્વમાં જેમનું નામ અગ્રેસર છે એવા આ 33 વર્ષીય સુર્યા છે કોણ?

લક્યાં સૂર્યનારાયણ તેજસ્વી સુર્યા હાલમાં ભાજપના યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને બેંગલુરુ સૌથી સાંસદ છે. સંઘના સ્વયંસેવક એવા સુર્યા વ્યવસાયે વકીલ છે. 1990માં બેંગલુરુમાં જન્મેલા સૂર્યના પિતા એકસાઇઝ વિભાગનાં જોઇન્ટ કમિશનર હતા. એમના કાકા ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. 9 વર્ષની ઉંમરે સૂર્યએ તેમના પેઈન્ટિંગ વેચી એ રકમ આર્મીના કારગીલ ફંડમાં દાન કરી હતી. 2001માં તેમને વૈજ્ઞાનિક સંશોધન માટે રાષ્ટ્રીય બાલશ્રી સન્માન મળ્યું હતું. બાદમાં તેમણે એલએલબી કર્યું. વિદ્યાર્થી કાળથી જ સુર્યા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ અને સક્રિય સભ્ય અને ભાજપ યુવા મોરચાના મહામંત્રી હતા. 2014ની લોકસભા ચૂંટણીના પ્રચારમાં તેમણે સક્રિયતાથી ભાગ લીધો. 2017માં ભાજપની મેંગલોર ચલો રેલીમાં નેતૃત્વ કર્યું. 2018ની કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં ડિજિટલ કોમ્યુનિકેશન ટીમને દોરવણી આપી. ભાજપના વરિષ્ઠ નેતા અનંત કુમારના અવસાન બાદ ભાજપે તેમને 2019માં લોકસભાની ટીકીટ આપી. કોંગ્રેસના બી.કે. હરિપ્રસાદને હરાવી તેઓ માત્ર 28 વર્ષની વયે ભાજપના સૌથી યુવાન સાંસદ બન્યા. ભાજપે ફરી આ જ સીટ પર તેમને ટિકિટ આપી છે.

સુર્યા તેમના કટ્ટર હિન્દુત્વવાદી વિચારો માટે જાણીતા છે. તેઓ સ્વામી વિવેકાનંદ, ડૉ. આંબેડકર અને વીર સાવરકરને પ્રેરણાસ્રોત ગણાવે છે. નહેરુના સમાજવાદના તેઓ કટ્ટર આલોચક છે. જે લોકો મોદીને સપોર્ટ નથી કરતા તે રાષ્ટ્રવિરોધી તાકાતોને મજબૂત કરે છે એવું તેઓ અવર નવર કહેતા રહ્યા છે. સુર્યા અનેકવાર વિવાદમાં પણ આવ્યા છે. 2015માં આરબ મહિલાઓ અંગે તારેક ફતેહને ટાંકીને તેમણે કરેલા ટ્વીટથી વિવાદ થયો હતો. 2019માં એક મહિલાનું સુર્યાએ શોષણ કર્યાના કોંગ્રેસે આરોપ લગાવ્યા હતા, જોકે મહિલાએ સુર્યાને પોતાના સારા મિત્ર ગણાવ્યા હતા.



# પંજાબમાં ગઈ ચૂંટણીમાં કોંગ્રેસનો દબદબો, હવે આપ મેદાનમાં




***લોકસભાની 2019ની ચૂંટણીમાં પંજાબની 13 બેઠકમાંથી 8 ઉપર કોંગ્રેસે બાજી મારી હતી. ભાજપને અને અકાલીદળને માત્ર બે-બે બેઠક જ મળી શકી હતી. જ્યારે આમ આદમી પાર્ટીના હાલના પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને સંગરુર બેઠક પરથી વિજય મેળવીને આ પાર્ટીનું ખાતું ખોલાવ્યું હતું. જો કે ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પંજાબમાં જયજયકાર બોલાવી દીધો છે અને અહીં સરકાર બનાવી છે. ભગવંતસિંહ માન અહીંના મુખ્યમંત્રી છે એટલે આ લોકસભામાં કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે ટક્કર થશે.***

| બેઠક | વિજેતા | પક્ષ | લીડ |
|---|---|---|---|
| ગુરદાસપુર | સની દેઓલ | ભાજપ | 82,459 |
| અમૃતસર | ગુરુજીતસિંહ ઓજલા | કોંગ્રેસ | 99,626 |
| ખડૂર સાહિબ | જસબીરસિંહ ગીલ | કોંગ્રેસ | 1,40,573 |
| જલંધર | સંતોખસિંહ ચૌધરી | કોંગ્રેસ | 19,491 |
| હોશિયારપુર | સોમપ્રકાશ | ભાજપ | 48,530 |
| આનંદપુર સાહિબ | મનીષ તિવારી | કોંગ્રેસ | 46,884 |
| લુધિયાણા | રવનીતસિંહ બિટ્ટુ | કોંગ્રેસ | 76,732 |
| ફતેહગઢ સાહિબ | ડો. અમરસિંહ | કોંગ્રેસ | 93,898 |
| ફરીદકોટ | મોહંમદ સાદિક | કોંગ્રેસ | 83, 056 |
| ફિરોઝપુર | સુખબીરસિંહ બાદલ | અકાલી દળ | 1,98,850 |
| ભટિંડા | હરસિમરત કૌર બાદલ | અકાલીદળ | 21,772 |
| સંગરુર | ભગવંતમાન | આપ | 1,10,211 |
| પટિયાલા | પરનીત કૌર | કોંગ્રેસ | 1,62,718 |

## પેટા ચૂંટણીમાં વિક્રમી લીડથી વિજેતા શિવસેનાના સાંસદ કલાબેન ડેલકરને ભાજપે ટિકિટ આપી ઉમેદવાર બનાવ્યા છે

# પક્ષ કોઈ પણ હોય જીતે તો ડેલકર પરિવાર જ

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી બેઠક ઉપર ડેલકર પરિવારનો કાયમનો દબદબો રહ્યો છે. માજી સાંસદ સ્વ. મોહનભાઈ ડેલકર આ બેઠક ઉપર સાત વખત જીત્યા હતા. તેમના અપમૃત્યુ બાદ 2021માં પેટાચૂંટણીમાં તેમના ધર્મપત્ની કલાબેન ડેલકરે શિવસેનામાંથી ઉમેદવારી કરી 51,269 મતેભાજપના ઉમેદવારને હરાવી આ બેઠક જીતી લીધી હતી. 1967માં મોહનભાઈ ડેલકરના પિતા સનજીભાઈ રૂપજીભાઈ ડેલકર કોંગ્રેસમાંથી ઉમેદવારી કરીને આ બેઠક ઉપર જીત્યા હતા. ત્યાર બાદ 1989 પહેલી વખત અપક્ષ ઉમેદવારી કરીને મોહનભાઈ ડેલકરે દાનહ બેઠક જીતી લીધી હતી. ત્યાર બાદ 1991-1996માં કોંગ્રેસમાંથી આ બેઠક તેમણે જીતી હતી. 1998 માં ભાજપમાંથી જીતી લીધી હતી. 1999માં અપક્ષ તથા 2004માં પોતાની પાર્ટી ભારતીય નવશક્તિ પાર્ટી બનાવી તેના નેજા હેઠળ આ બેઠક જીતી લીધી હતી. 2019 મોહનભાઈ ડેલકરે અપક્ષ ચૂંટણી લડીને આ લોકસભા બેઠક ઉપર સાતમી વખત વિજય મેળવ્યો હતો.




સંઘપ્રદેશની લોકસભા બેઠકનું વિશ્લેષણ

### કોંગ્રેસે માજી સાંસદના પુત્રને ટિકિટ આપી

દાદરા નગર હવેલીમાં કોંગ્રેસનું સંગઠન હોવા છતાં છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસ અહીં હાંસિયામાં ધકેલાઈ ગઈ હોય તેવી સ્થિતિ છે. જોકે આ વખતે દાદરા નગર હવેલીની બેઠક ઉપર કોંગ્રેસે માજી સાંસદ રામજી પોટીયા માહલાના પુત્રને ટિકિટ આપી છે. 1980માં આ બેઠક ઉપર કોંગ્રેસ તરફથી રામજીભાઈ માહલા સાંસદ તરીકે વિજેતા થયા હતા. કોંગ્રેસના ઉમેદવાર અજીત રામજીભાઈ માહલા માજી સાંસદના પુત્ર તરીકે ઓળખ ધરાવે છે. શિક્ષક તરીકે રાજીનામું આપીને આ બેઠક ઉપરથી ચૂંટણી લડી રહ્યાં છે.

### મુખ્ય આદિવાસીઓની વસ્તી ધરાવતી દાનહ બેઠક




સંઘપ્રદેશ દાદરા નગર હવેલી 3.83 લાખની વસ્તી ધરાવતો મુખ્યત્વે આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. વલસાડ જિલ્લો તેમજ મહારાષ્ટ્રના થાણાની હદ ધરાવતા આ પ્રદેશમાં આ ચૂંટણીમાં 2,78,863 મતદાર છે. જેમાં 1,45,908 મતદાર જયારે 1,32,955 સ્ત્રી મતદાર છે. આ લોકસભા બેઠક આદિવાસી(એસટી) અનામત બેઠક છે. દાનહનું મુખ્ય મથક સેલવાસ છે. અહીં ટુરિઝમ તેમજ ઉદ્યોગોને લઈને પરપ્રાંતની વસ્તી પણ નોંધપાત્ર છે. જયારે શિક્ષણ ક્ષેત્રે પણ આ પ્રદેશમાં સારું કામ થયું છે. મેડિકલ કોલેજ તેમજ અહીં સરકારી અને ખાનગી સ્કૂલ તેમજ કોલેજ પણ નોંધપાત્ર જોવા મળે છે. જોકે આદિવાસી લોકો માટે ખેતી મુખ્ય આવકનું સાધન છે.



V/S
કલાબેન ડેલકર | અજીત માહલા

### આ વખતે પાંચ ઉમેદવારો મેદાનમાં

2024ની લોકસભાની દાનહ બેઠક ઉપર ભાજપ તરફથી હાલના સાંસદ કલાબેન ડેલકર, કોંગ્રેસ તરફથી અજીત રામજીભાઈ માહલા તથા બહુજન સમાજ પાર્ટી તરફથી સંદીપભાઈ શંકરભાઈ બોરસા, ભારત આદિવાસી પાર્ટી તરફથી દીપકભાઈ કુરાડા તથા એક અપક્ષ શૈલેષભાઈ વરઠા ઉમેદવાર છે. શૈલેષભાઈનું ચૂંટણી ચિન્હ બેટ્સમેનનું છે.

